# ગૂજરાત વિદ્યાપીઠ: અમદાવાદ-૩૮૦૦૧૪

જા.નં.૧૨ /વહીવટ/ COVID-19/૨૦૨૦-૨૧

તા.૧૮.૦૪.૨૦૨૦

વંચાણે લીધા:

૧) Government of India, Ministry of Home Affairs No.40-3/2020-DM-I(A) Dated 15th April, 2020.

૨) નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબત ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરનાં તા.૧૬.૦૪.૨૦૨૦નો પરિપત્ર.

૩) અત્રેનાં કાર્યાલયનાં જા.નં.૦૯/વહીવટ/ COVID-19/૨૦૨૦-૨૧, તા.૧૪.૦૪.૨૦૨૦

## કાર્યાલય આદેશ

નોવેલ કોરોના વાઈરસ (Covid-19)ના સંક્રમણને નિયંત્રણમાં લાવવા લેવાના થતાં નિવારાત્મક પગલાંઓ બાબતે અત્રેનાં કાર્યાલય દ્વારા તમામ ડીન/વડા/સંયોજક/આચાર્ય/સંચાલકને વખતો વખત જણાવવામાં આવેલ છે. ઉપરોકત વંચાણે લીધેલ આદેશોને આધીન તા.૨૦.૦૪.૨૦૨૦ થી તા.૦૩.૦૫.૨૦૨૦ સુધી ગૂજરાત વિદ્યાપીઠની તમામ વિદ્યાશાખા/વિભાગો/કેન્દ્રો/શાળાઓ સિમિત સેવકો સાથે સામાજિક અંતર (Social Distances) જાળવીને ચાલુ રાખવાના રહેશે. ગૃપ-એ અને ગૃપ-બી ના તમામ સેવકોએ વિભાગનાં કામની જરૂરીયાતને ધ્યાને રાખી વિભાગનાં વડા/સંયોજક/આચાર્ય/ સંચાલક નક્કી કરે તે મુજબ ઉપસ્થિત રહેવાનું રહેશે. ગૃપ-સી અને તેથી નીચેના સેવકોએ ૩૩% સુધીના સેવકો ઉપસ્થિત રહે તે મુજબ સંબંધિત વિભાગનાં વડા/સંયોજક/આચાર્ય/સંચાલકે આયોજન કરવાનું રહેશે. આ માટે આવશ્યકતા મુજબ તમામ વિભાગીય વડા/સંયોજક/આચાર્ય/સંચાલકે રોસ્ટર રજિસ્ટર નિભાવવાનું રહેશે. અન્ય સેવકોએ ઘરેથી કાર્ય (Work from home) કરવાનું રહેશે તેમજ મોબાઈલ ફોન અને ઈ-મેઈલ પર ઉપલબ્ધ રહેવાનું રહેશે. ઉપરોકત વંચાણે લીધેલ આદેશોમાં જણાવેલ તમામ શરતોનું પાલન થાય અને સેવકોની હાજરીના સંબંધમાં કામનાં સ્થળે સામાજિક અંતર (Social Distances) જળવાય તેની સંપૂર્ણ જવાબદારી વિભાગનાં વડા/સંયોજક/આચાર્ય/સંચાલકની છે.

વંચાણે લીધેલ ક્રમાંક-03 અંતર્ગત જે વિદ્યાશાખા/વિભાગોમાં વેકેશનની વ્યવસ્થા છે તેમને તેમનાં વિભાગીય વડા/ડીન/સંયોજક સાથે સંકલન સાધવા જણાવવામાં આવે છે.

આ આદેશ આદરણીય કુલનાયકશ્રીની આજ્ઞાનુસાર કરવામાં આવે છે.

(ડૉ. ભરત જોશી)

કા. કુલસચિવ

નકલ સવિનય રવાના: આદરણીય કુલનાયકશ્રી, જાણ સારું.

નકલ રવાના: સંબંધિત તમામ ડીન/વડા/સંયોજક/આચાર્ય/સંચાલકની જાણ તથા અમલવારી સારું.